અપીલ અરજી નં.૯૪ તા.૨૪–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ધર્મેશ એચ. સોપારીવાલા
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,આઈ.એસ.ડી.)
પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(યુસીડી)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેશ એચ. સોપારીવાલાની તા.૨૧–૪–૧૧ ની અરજીથી (૧)હાલમાં રાંદેર ઝોનલ ચીફ તરીકે ફરજ બજાવતા આસી. કમિશ્નરશ્રી , ઈ.ચા.ડે. કમિશ્નરશ્રી સી.વાય ભટ્ટ સાહેબનું નોકરીમાં જોડાતી વખતે એજયુકેશન કેટલુ? તેમના સર્ટીફીકેટોની એસ.એમ.સી. ધ્વારા લેવાયેલી નકલોની કોપી આપવી. વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૫–૧૧ ની **SMC/FAP/** નં.૯૪/૨૦૧૧–૧૨

શ્રી ધર્મેશ એચ. સોપારીવાલાની તા.૨૧–૪–૧૧ ની અરજીથી (૧)હાલમાં રાંદેર ઝોનલ ચીફ તરીકે ફરજ બજાવતા આસી. કમિશ્નરશ્રી , ઈ.ચા.ડે. કમિશ્નરશ્રી સી.વાય ભટ્ટ સાહેબનું નોકરીમાં જોડાતી વખતે એજયુકેશન કેટલુ? તેમના સર્ટીફીકેટોની એસ.એમ.સી. ધ્વારા લેવાયેલી નકલોની કોપી આપવી. વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતિ આપવા બાબતે મુદ્દા નં.૬,૭ની માહિતી અસંતોષકારક તથા મુદ્દા નં.૧ થી ૫ ની માહિતિ આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૨ તા.૪–૬–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,આઈ.એસ.ડી.), ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(યુસીડી) તથા અરજદારને અસંતોષકારક માહિતિ માટે આધાર સહ મળેલ માહિતિની વિગતો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૧૩ તા.૭–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ આ.નં.૯૨ તા.૨૫–૪–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી ચીફ. એકાઉન્ટન્ટ, મ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર યુસીડી, મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) તથા મ. જાહેર માહિતી અધિકારી આઈઓ સુપરવાઈઝરશ્રી આઈ. એસ.ડીને તબદીલ કરેલ પત્રની નકલ, તથા પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ આ.નં.૧૯૫ તા.૨૬–૫–૧૧ થી અપીલ તબદીલીનો પત્ર મળેલ છે. જયારે પત્ર નં.આઈએસડી/ઓડી/૧૨૮ તા.૨૭–૪–૧૧ થી અરજદારને પાઠવેલ પત્રની નકલ , સ્થા.સ.ઠ. નં.૧૮૨૫/૧૦ તા.૮–૧૧–૧૦ થી થયેલ ઠરાવની નકલ, ટર્મ એન્ડ કન્ડીશનની નકલ, પત્ર નં.આઈએસડી / ૧૨૭૫ તા.૧૬–૧૧–૧૦ થી આપેલ વર્ક ઓર્ડરની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૮૩૧ તા.૧૦–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને નકલ ફી ભરવા માટે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૯૩ તા.૧૩–૫–૧૧ની નકલ, ફી ભર્યાની રસીદ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૭૮૫ તા.૭–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી હિસાબનીશ તરફથી પત્ર નં.એકા./આ.નં.૨૩ તા.૯–૬–૧૧ થી પૂરક વિગતોમાં રાંદેરઝોન તરફથી મ. જાહેર માહિતી અધિકારી ચીફ એકાઉન્ટન્ટશ્રીને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ,નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.એકા./આરટીઆઈ/૨ તા.૨૭–૪–૧૧ ના પત્રથી પાના દીઠરૂ.૨/– લેખે રૂા.૮/– ભરવા અંગે પાઠવેલ પત્રની નકલ તથા તેની પહોંચની નકલ, અરજદારની માહિતી આપ્યા અંગે પત્ર નં.એકા./આરટીઆઈ/ ૫ તા.૨૯–૪–૧૧ ના પત્રની નકલ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, નાનપુરાની ચલણની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી પત્ર નં. યુસીડી/૨૯૫ તા.૧૩–૬–૧૧ થી પૂરક વિગતોમાં રાંદેરઝોન તરફથી તબદીલ કરેલ

પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.યુસીડી/૧૧૨ તા.૩૦–૪–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ, યુસીડી/૧૧૩ તા.૩૦–૪–૧૧ થી ખાતાકીય તપાસ અધિકારી ઈન્કવાયરીને વિલંબથી તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જેના અનુસંધાને ખાતાકીય તપાસ અધિકારી ધ્વારા તેમના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૯ તા.૧૧–૫–૧૧ થી પુનઃ જાહેર માહિતી અધિકારી ફુસીડીને તબદીલ કરેલ અને યુસીડી ધ્વારા પત્ર નં.૧૮૨ તા.૨૪–૫–૧૧ થી અરજદારને પાઠવેલ પ્રત્યુત્તરની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૧–૪–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ આ.નં.૯૨ તા.૨૫–૪–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી ચીફ એકાઉન્ટન્ટને મુદ્દા નં.૮ માટે તબદીલ કરવામાં આવેલ છે., મ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર યુસીડીને મુદ્દા નં.૫ અને ૬ માટે તબદીલ કરવામાં આવેલ છે. જયારે મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ)ને મુદ્દા નં.૧ થી ૪ માટે તબદીલ કરવામાં આવેલ છે તથા મ. જાહેર માહિતી અધિકારી આઈઓ સુપરવાઈઝરશ્રી આઈ. એસ.ડીને મુદ્દા નં.૭ માટે તબદીલ કરેલ. જે બાબતે અરજદારે મુદ્દા નં.૮ પૈકી ફકત મુદ્દા નં.૬,૭ અને ૮ ની માહિતી તે પણ મુદ્દા નં.૬ અને ૭ ની માહિતી અસંતોષકારક આપી છે જયારે મુદ્દા ન.૧ થી ૫ ની માહિતી આપેલ ન હોવાનું જણાવી તા.૨૪–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧)હાલમાં રાંદેર ઝોનલ ચીફ તરીકે ફરજ બજાવતા આસી. કમિશ્નરશ્રી , ઈ.ચા.ડે. કમિશ્નરશ્રી સી.વાય ભટ્ટ સાહેબનું નોકરીમાં જોડાતી વખતે એજયુકેશન કેટલુ? તેમના સર્ટીફીકેટોની એસ.એમ.સી. ધ્વારા લેવાયેલી નકલોની કોપી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી શ્રી સી. વાય. ભટ્ટ મહાનગરપાલિકામાં આસી. એન્જી. તરીકે જોડાયા હતા તે સમયે તેઓની લાયકાત બી.ઈ.સીવીલ નોંધાયેલ હતી ત્યાર બાદ હાલમાં તેઓની નિમણુંક કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૧૫૬૧ તા.૭–૮–૦૩ થી આસી. કમિ. તરીકે કરવામાં આવેલ. તેઓની લાયતકાના સર્ટીફીકેટની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. (૨) ઈ.ચા ડે.કમિ. શ્રીની પોસ્ટ એલએલબી હોવું ફરીજયાત છે કે કેમ? જો ફરજીયાત હોય તો શ્રી ભટ્ટ સાહેબ એલએલબી થયેલ છે ખરા? તે પોસ્ટ માટેની કવોલીફીકેશન માટેનો સરકારશ્રીનો પરિપત્ર કે જી.આર. હોય તેની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી ડે.કમિ.શ્રીની પોસ્ટ માટેની લાયકાત દર્શાવતા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક નં.સમન/ ૧૦૨૦૦૮/ ૫૪૮૨/પી તા.૪–૧–૧૦ ની નકલ આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. (૩) શ્રી ભટ્ટ સાહેબને ઈલેકશન સેન્સસની કાર્યવાહી માટે ઈ.ચા. ડે.કમિ.શ્રીનો ચાર્જ આપવામાં આવેલ હતો તેની જાણ જનરલ બોર્ડને કરવામાં આવેલ હતી ખરી? જો જાણ કરાય હોય તો જનરલ બોર્ડમાં થયેલ દરખાસ્ત અને ઠરાવની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે તેવું જણાવેલ છે. (૪) શ્રી ભટ્ટ સાહેબને સેન્સસની કામગીરી માટે જે ઈ.ચા. ડે.કમિ.શ્રીનો હોદ્દો આપવામાં આવેલ હોય તો તે કામગીરી પૂર્ણ હોવા છતાં હજુ સુધી કયાં કારણોસર કયા ઠરાવને આધિન એ હોદ્દા ઉપર ચાલુ રાખવામાં આવેલ છે તે માટે બીજો કોઈ હુકમ થયો હોય તે એ હુકમની કાયદેસરતા કેટલી? તે હુકમની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી આસી. કમિ. શ્રી સી.વાય. ભટ્ટને ડે.કમિ.શ્રીની ખાલી જગ્યાનો ચાર્જ લંબાવવા બાબતે મ્યુ. કમિ.શ્રીના તા.૨૧–૨–૧૧ ની મંજુરી તથા મ્યુ. કમિ.શ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/ ૪૨૯૨ તા.૧૫–૩–૧૧ ની નકલ તથા ચાર્જ સોંપણીને લગતા સા.સ.ઠ. નં.૧૧૮ તા.૨૯–૬–૧૯૯૧ તથા મ્યુ. કમિ.શ્રીના પરિપત્ર નં.જીએડી/ઈએસટી/૧૭૪૭ તા. ૧૨–૮–૯૧ ની નકલ સામેલ છે. તેવું જણાવેલ છે. (૫) યુસીડીમાં થયેલ કૌભાડમાં તેમણે કોઈ ભૂમિકા ભજવેલ છે કે કેમ તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી પત્ર નં.યુસીડી/૧૮૨ તા.૨૪–૫–૧૧ થી માહિતી યુસીડી વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી જે જાણશો. તેવું જણાવેલ છે. (૬) યુસીડીમાં ગ્રાન્ટ હેતુફેર કરીને કે જે હેતુ માટે ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તેના હિસાબ નિભાવેલ છે ખરા? હિસાબ નિભાવેલ હોય તો તેને નિયમ અનુસાર મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ (અમદાવાદ) માં દર્શાવેલ છે ખરા? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી યુસીડી વિભાગ ધ્વારા છેલ્લા એક વર્ષ દરમ્યાન ગ્રાન્ટનો હેતુફેર કરી ઉપયોગ કરવામાં આવેલ નથી, વિભાગ ધ્વારા ગ્રાન્ટ સંબંધી હિસાબોની નિભાવણી કરવામાં આવેલ છે, તેમજ નિયત કરેલ પ્રફોર્મા મુજબ નિયમિત માસિક– ત્રિમાસિક હિસાબો રાજય સરકારના લાગત વિભાગોને મોકલવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૭) એસએમસીના દરેક વિભાગ માટે હાલમાં ખરીદાયેલા કોમ્પ્યુટર કંઈ કંપનીના છે? તે એસ.એમ.સીની કાર્યવાહી કરવા માટે કાર્યક્ષમ છે ખરા? તેની ખરીદ કિંમત (નંગ દીઠ) કેટલી? તેનો મેઈન્ટેનન્સ ખર્ચ (નંગ દીઠ) કેટલો આવે છે? કોમ્પ્યુટર ખરીદ કર્યા બાદ છ માસમાં જ બગડી જાય કે વારંવાર રીપેરીંગ કરાવવા પડે છે તો તે બાબતે કંપની સાથે શું ધારા ધોરણ નકકી કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આઈએસડી તરફથી સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગ માટે હાલમાં ખરીદાયેલા કોમ્પ્યુટર એચસીએલ કંપનીના છે. સદર કોમ્પ્યુટર સુરત મહાનગપાલિકાની કાર્યવાહી કરવા માટે કાર્યક્ષમ છે. કોમ્પ્યુટરની ખરીદ કિંમત નંગ દીઠ રૂા.૨૮,૧૫૦/– છે . સદર કોમ્પયુટર ત્રણ વર્ષની કોમ્પ્રીહેન્સીવ એએમસી સાથે ખરીદેલ હોય તેના માટે અલગથી મેઈન્ટેનન્ટસ ખર્ચ ચૂકવવાનો રહેતો નથી. વધુમાં કોમ્પ્યુટરની ખરીદ સાથે તેની નિભાવણી માટે રેસીડન્ટ ઈજનેર પણ મુકવામાં આવેલ હોય. સદર કોમ્પ્યુટરને લગતી રીપેરીંગ અને મેઈન્ટેનન્સની કામગીરી ત્રણ વર્ષની ક્રોમ્પ્રીહેન્સીવ એએમસીના ભાગરૂપ તેઓ ધ્વારા કરવામાં આવે છે. તેવું જણાવેલ. (૮) શ્રી ભટ્ટ સાહેબને રાજય તકેદારી આયોગ ધ્વારા આરટીઆઈ એકટ ૨૦૦૫ અન્વયે કોઈ માહિતી બાબતે અરજદારની અરજી બાબતે તે જવાબદાર ઠેરવીને રૂા.૧૬૦૦૦/– નો દંડ કરવામાં આવેલ હતો તે

દંડ પ્રમાણે રોકડેથી ભરેલ હોય તો તેની રસીદની નકલ આપવી અથવા તે દંડ પગારમાંથી વસુલ કરાયો હોય તો તે પગાર સ્લીપની નકલ આપવી તથા પગારમાંથી વસુલ કરાયો હોય તો તે પગાર સ્લીપની નકલ આપવી તથા પગારમાંથી દંડ વસુલ કરવા માટે શ્રી ભટ્ટ સાહેબે આપેલ સંમતિ પત્રની નકલ આપવા મે. કરશોજી. જાહેર માહિતી અધિકારી હિસાબનીશશ્રી તરફથી પત્ર નં.એકા./એસઆર/૫ તા. ૨૯–૪–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે તથા નાણા ભર્યાના ચલણની નકલ પણ આપવામાં આવેલ છે જે આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૯૩ તા.૧૩–૫–૧૧ થી મુદ્દા નં.૧ થી ૪ ની નકલના રૂા.૪૨/– ભરી અરજદારને માહિતી મેળવવા પત્ર પાઠવવામાં આવેલ. જે અરજદારે રસીદ નં.૩૦૯૨૫૮ તા.૭–૬–૧૧ થી ભરી માહિતી મેળવેલ છે. જાહેર માહિતી અધિકારી હિસાબનીશશ્રીના પત્ર નં.એકા./આરટીઆઈ/૨ તા.૨૭–૪–૧૧ થી રૂા.૮/– ભરી માહિતી મેળવવા પત્ર પાઠવવામાં આવેલ. જે અરજદારે રસીદ નં.૩૪૩૪૩૩ તા.૨૯–૪–૧૧ ના રોજ ભરી માહિતી મેળવેલ છે. અરજદારને અસંતોષકારક માહિતી માટે મળેલ માહિતીની વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદાર અપીલ તબકકે કોઈ આધાર પુરાવા કે વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી. આમ તમામ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી આપવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૧–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,

(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,આઈ.એસ.ડી.), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ) , ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(યુસીડી) ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી ધર્મેશ એચ. સોપારીવાલા